# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ -- ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૨૫૪૬-3 તારીખ : ૦૬ - ૦૪ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,

**આસાન કન્સલટન્સી**

૧૦૩-વરદાન-૧, પ્રથમ માળ, પર્ણકુટીર પોલીસ ચોકી સામે, શ્રી કોલોની શેરી નં - ૧ નો ખૂણો, નાના મવા રોડ ,

મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૦૦૧

મોબાઈલ : ૬૩૫૫૧૭૬૯૬૯, ૮૯૮૦૮૦૮૬૫૬

વિષય : રૂફટોપ સોલાર પ્રોજેક્ટ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. જેજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૭/ક્વા-૪/૨૧-૨૨/૨૫૪૯૩ તા.૦૬/૦૪/૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

*Case No.PG-૧૭/ક્વા-૪/૨૧-૨૨*

| | |
|---|---|
| અરજદાર | : આસાન કન્સલટન્સી ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : લક્ષ્મીનગર |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે આશિષભાઈ પારેખ હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨ |
| રજૂઆત કરનાર | : શ્રી એન.ડી.રુધાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨ અને તેમની સાથે શ્રી એમ.પી.દાફડા, નાયબ ઈજનેર,પી.જી.વી.સી.એલ.,પેટા વિભાગીય કચેરી લક્ષ્મીનગર, રાજકોટ હાજર રહેલ છે. |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર ટેકનીકલ | - શ્રી આર.જી.ગોવાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૩-૦૩-૨૦૨૨ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૩-૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવેછેકે તેઓ અમૃતસોસાયટી, વરદાન-૧, શોપનં. ૧૦૩-૧૦૪, શ્રીકોલોની પાસે આસન કન્સલ્ટન્સીની ઓફીસ ધરાવે છે. માનનીય વડાપ્રધાનશ્રીની સોલાર મિશનની દીર્ઘદ્રષ્ટિને પ્રોત્સાહિત કરવા માટે સદર ઓફિસમાં 2.2 KW નું રૂફટોપ સોલાર પ્રોજેક્ટ નાખવાનું વિચારેલ અને તે અનુસંધાને GEDAના નિયત ફોર્મમાં અરજી કરીને રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૧૧૮૦૦/- રીસીપ્ટ નં. ER/૨૦૨૦-૨૧/૨૮૦૦ તા.૦૧-૦૭-૨૦૨૧ થી પણ ભરી આપેલ છે.

૨.૧ ઉપરોક્ત અરજીને ઘણો સમય થયો છતાં પી.જી.વી.સી.એલ. દ્વારા કનેક્ટિવિટી ચાર્જ ભરવાની જાણ કરેલ નથી અને સોલાર પ્રોજેક્ટ નામંજૂર કરેલ છે. પી.જી.વી.સી.એલ.ના બદ-ઈરાદાથી અરજદારને જાણ કરેલ છે કે "તમે RMC ની બેરીસીપ્ટ મોકલાવેલછે અને ફ્ન્ટસાઈડ માર્જીનમાં ગ્રાઉન્ડ ફ્લોરની ચાર દુકાનો પર

ઓપન સ્પેસમાં તમોએ પેનલ લગાડેલ હોઈ આ સંજોગોમાં તમારી અરજી મંજુર કરવામાં આવતી નથી" જેથી સદર અરજી તાત્કાલિક મંજૂર થાય અને તાત્કાલિક બાઈ-ડાઈરેક્શનલ મીટર મૂકી રૂફટોપ પ્રોજેક્ટ ચાલુ કરી આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલકે અરજદાર સાગર રતિલાલ બાવરવાના નામથી ગ્રાહક નં. ૮૭૬૦૫/૦૩૪૮૨/૨ થી ૧૦ KW નું લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ વાણિજ્યિક હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૩.૧ અરજદાર દ્વારા અમૃતસોસાયટી, વરદાન-૧, શોપનં. ૧૦૩-૧૦૪, શ્રી કોલોની પાસે આસન કન્સલ્ટન્સીની ઓફીસની જગ્યામાં સોલાર રૂફટોપ સીસ્ટમ ૨.૨ KW માટે GEDA માં તા.૦૭.૦૧.૨૦૨૨ થી No.PG/10062774 થી નોંધણી કરાવેલ. અરજદાર દ્વારા સદર અરજીની સાથે પોર્ટલમાં RMC ની બે રીસીપ્ટ મોકલાવેલ છે અને તા.૨૯.૦૫.૨૦૨૧ ના રોજની અરજી સાથે બંને ઓફીસના વેચાણ દસ્તાવેજ જોડેલ છે.

૩.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ.ની લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારની સદર જગ્યાની સ્થળ તપાસ કરતા સદર ગ્રાહક દ્વારા સોલાર પેનલ તેઓની જગ્યાની બહારના ભાગે લગાડેલ માલુમ પડેલ જે અન્વયે અરજદાર દ્વારા તા.૧૮.૦૮.૨૦૨૧ થી જણાવેલ તે મુજબ "we further clarify that we have installed solar panels and structure at first floor near your walking path".

૩.3 અરજદારની સદર જગ્યાના વેચાણ કરારનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની ઓફીસ નં ૧૦૩-૧૦૪ ની ચતુર્દીશા મુજબ ઉત્તર દિશા ખુલ્લી છે જેથી અરજદાર દ્વારા લગાડેલ સોલાર પેનલ અને સ્ટ્રકચર તેઓની માલિકીની હદમાં ન હોવાથી સદર અરજીની આગળની કાર્યવાહી થઈ શકે નહિ. જે અંગેના ફોટોગ્રાફ્સ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વરા ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી સાગર રતિલાલ બાવરવા અમૃત સોસાયટી, વરદાન-૧, શોપ નં. ૧૦૩-૧૦૪, શ્રી કોલોની પાસે આસન કન્સલ્ટન્સીના નામથી ઓફીસ ધરાવે છે જેમાં ગ્રાહક નં.૮૭૬૦૫/૦૩૪૮૨/૨ થી ૧૦ KW નું લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ વાણિજ્યિક હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ સદર વીજજોડાણ વાળી જગ્યામાં 2.2 KW નુંસોલાર રૂફટોપ લગાડવા માટે GEDA ના નિયત ફોર્મમાં પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૧૧૮૦૦/- રીસીપ્ટ નં. ER/૨૦૨૦-૨૧/૨૮૦૦ તા.૦૧-૦૭-૨૦૨૧ મુજબ અરજી નોંધણી કરાવેલ છે.

૪.3 સદર સોલાર રૂફટોપની અરજી અન્વયે મુદ્દા નં. ૩.૨ મુજબ અરજદારને પત્ર નં. ૪૩૪૩ તા.૦૯.૦૮.૨૦૨૧ થી નીચે મુજબ જાણ કરેલ છે. "...You have installed solar panels and structure at first floor near your walking path in front side margin above 4 nos. of ground floor shops over open space so we can't proceed this application..."

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ ના અનુસંધાને અરજદાર દ્વારા તા.૧૮.૦૮.૨૦૨૧ ના રોજ કરેલ લેખિત રજૂઆત મુજબ સદર લગાડેલ સોલાર પેનલની સામે કોઈપણ દ્વારા વાંધો લીધેલ નથી તેમજ મેટ્રો સીટી જેવા કે મુંબઈ, બેંગ્લોર કે જ્યાં આવીજ રીતે સોલાર PV સીસ્ટમના સ્ટ્રકચર લગાડેલ હોય છે જે લાગુ પડતી ઓથોરીટી દ્વારા મંજુર કરેલ છે. જે રજૂઆતની સામે પી.જી.વી.સી.એલ. દ્વારા ફરીથી તા.૦૮.૦૯.૨૦૨૧ થી લેખિતમાં જાણ કરેલ છે તે મુજબ સદર સોલાર રૂફટોપની અરજીની કાર્યવાહી થઈ શકે નહિ.

૪.૫ નામદાર GERC ના નોટીફીકેશન ન. ૫/૨૦૧૬ ના મુદ્દા નં. ૬ (Eligible Consumer and individual project capacity) ના પેરા નં. ૬.૧ માં (i અને ii) નીચે મુજબ નોંધાયેલ છે.

6.1 In addition to the general eligibility defined in Regulation 2.1(l) of these regulations, the Eligible Consumer for the Rooftop Solar PV System with net metering shall:

i. be a consumer of the local distribution licensee;

ii. own or be in legal possession of the premises including the rooftop or terrace or building or infrastructure or open areas of the land or part or combination thereof on which the Solar PV System is proposed to be installed;

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબ અરજદાર દ્વારા સોલાર પેનલ લગાડવા માટેની શરતોની પૂર્તતા પુરવાર કરેલ ન હોય સવાલવાળી જગ્યા પર સોલાર પેનલ લગાવવા માટેની અરજદારની અરજી પી.જી.વી.સી.એલ. દ્વારા ગ્રાહ્ય રાખેલ નથી જે નિયમાનુસાર યોગ્ય છે.વધુમાં અરજદાર દ્વારા સવાલવાળી ખુલ્લી જગ્યાની માલિકી પુરવાર કરતા અધિકૃત પુરાવાઓ રજુ કરવામાં આવે તો અરજદારની સોલાર રૂફટોપની અરજી અન્વયે આગળની કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot